

# રામભક્ત



वर्ष : २०, - अंक संख्या :५ - सलंग अंक : २१८
वि.सं. : २०८१ वैशाख - दिनांक : १०-०५-२०२५

## અખાત્રીજ, પરશુરામ જયંતિ, રામાનુજાચાર્ય જયંતિ, સીતાનવમી
## નિમિત્તે સમગ્ર રામાનંદી સમાજની ભાવવંદના...



**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ)**

સ્થાપના : તા.૭-૧-૧૯૭૯ ટ્રસ્ટ રજી.નં.એફ.૧૯૧ ભાવનગર

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા - ૩૬૪૫૧૫

E-mail : rambhakt.svkd@gmail.com • http://www.rambhaktsvkd.org

## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત રૂા.૩૧,૧૦૨/-નું દાન (અમદાવાદ)



**સ્વ.મણીબેન છોટાલાલ વૈષ્ણવ**
સ્વ.તા.૧૫/૧૨/૨૦૦૬
પૂણ્યતિથી : માગશર વદ-૧૦





**સ્વ.છોટાલાલ જાદવદાસ વૈષ્ણવ**
સ્વ.તા.૧૭/૦૫/૧૯૭૨
પૂણ્યતિથી : વૈશાખ સુદ-૫

આપણા સમાજના શિક્ષણપ્રેમી, સમાજ સેવામાં અગ્રેસર એવા સ્વ.રસીકભાઈ છોટાલાલ વૈષ્ણવ (અમદાવાદ) શ્રી કાંતિભાઈ છોટાલાલ વૈષ્ણવ (રાજકોટ) અમદાવાદ અને શ્રી ડૉ.ઈન્દુભાઈ છોટાલાલ વૈષ્ણવ ત્રણેય ભાઈઓએ સમાજની ઉત્તમ સેવા કરી છે. તેમના સ્વર્ગીય માતૃશ્રી સ્વ.મણીબેન છોટાલાલ વૈષ્ણવ અને સ્વર્ગીય પિતાશ્રી છોટાલાલ જાદવદાસ વૈષ્ણવની કાયમી સ્મૃતિમાં માતૃશ્રી મણીબેન છોટાલાલ વૈષ્ણવ ચેરીટેબલ ટ્રસ્ટની ૨૦૦૭ માં સ્થાપના કરી છે અને ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક કાર્યો થતા રહે છે. આ ટ્રસ્ટ દ્વારા અગાઉ શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાશાળામાં બાંધકામ અંતર્ગત દાન મળેલ છે અને તેઓની ફોટો પ્રતિમાં અને તકતી કંડારેલ છે. વધુમાં આ સંસ્થાની કાયમી મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત સ્વ.ની પૂણ્યતિથીના રોજ પ્રતિવર્ષ મિષ્ટભોજન આપવા માટે બે તિથીનું દાન રૂા.૩૧,૧૦૨/-સંસ્થાના દયાવિધી કાયમી નિભાવફંડ અંતર્ગત મળેલ છે.

આ ટ્રસ્ટ દ્વારા આપણી ગુજરાતની દરેક શૈક્ષણિક સંસ્થામાં રહીને અભ્યાસ કરતા બાળકોને નોટબુક (ફૂલસ્કેપ ચોપડા) નું દાન તેઓ પ્રતિવર્ષ સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ કરે છે. વડીલો દ્વારા તેમના પરીવારના બાળકોને આ કાર્ય કરવા પ્રેરણા આપી છે. ધન્યવાદ "આભાર"

**:: હસ્તે ટ્રસ્ટી મંડળ ::**

સ્વ.શ્રી રસીકલાલ છોટાલાલ વૈષ્ણવ (અમદાવાદ) ગં.સ્વ.મંજુલાબેન રસીકલાલ વૈષ્ણવ
શ્રી કાંતિભાઈ છોટાલાલ વૈષ્ણવ (રાજકોટ) (અમદાવાદ) સ્વ.હેમલતાબેન કાંતિભાઈ વૈષ્ણવ
ડૉ. શ્રી ઈન્દુકુમાર છોટાલાલ વૈષ્ણવ (અમદાવાદ) સ્વ.ભારતીબેન ઈન્દુકુમાર વૈષ્ણવ
તથા વૈષ્ણવ પરિવાર

**નર્મદાનગર (ભરૂચ), અંકલેશ્વર, વડોદરા, અમદાવાદ ના જય સીયારામ**

**રૂા.૩૧,૧૦૨/-નું દાન બેંક એકાઉન્ટમાં જમા મળેલ છે. આભાર.**

## શ્રી ભુરખીયા હનુમાનજી દાદાના પુજારી શ્રી બળવંતભાઈ મનસુખલાલ નિમાવત તરફથી દાદાની પ્રસાદી રૂપે પચ્ચીસ ડબ્બ તેલ નું દાન (ભુરખીયા)



શ્રી ભુરખીયા હનુમાનજીદાદા

શ્રી ભુરખીયા હનુમાનજી દાદાના પૂજારી શ્રી બળવંતભાઈ એમ. નિમાવત તરફથી છેલ્લા ૧૦ દશેક વર્ષ થી શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય ને જરૂરીયાત મુજબનું તેલ શ્રી ભુરખીયા હનુમાનજી દાદાની પ્રસાદી રૂપે મોકલવામાં આવે છે. વર્ષ **૨૦૧૦- સને. ૨૦૧૧** માં તેમની એકની એક લાડલી પુત્રી ખુશીબેન બળવંતભાઈ અહીં રહીને બે વર્ષ સાયન્સ માં અભ્યાસ કરી મેડીકલ ડીપાર્ટમેન્ટમાં સારી જોબ ઉપર લાગી ગયેલ અને દાદાની દયાથી સારૂ સાસરૂ મળતા જોબ છોડી હાલ ખુબ જ સુખી છે તે વર્ષથી બળવંતભાઈ છાત્રાલયમાં તેલની સેવા આપે છે. તેની સંસ્થાએ નોંધ લઈ તેઓને કારોબારીમાં લઈ સહમંત્રી તરીકે સ્થાન આપી તેમની વધુ સેવા લેવામાં આવે છે આ પરીવાર તરફથી ચાલુ વર્ષ સામેથી ફોન આવતા તા. ૧-૦૪- ૨૫ ના રોજ સંસ્થાના ગૃહપતિ શ્રી લક્ષ્મીરામભાઈ રામાવત રૂબરૂ જઈ દાદાની પ્રસાદીના તેલના ડબા ૨૫ (પચ્ચીસ) લઈ આવ્યા. જે ભોજન ભંડારમાં જમા લઈ તેઓને આભાર સાથે પાવતી મોકલવામાં આવી પરિવારના દરેક સભ્યોનો શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય પરિવાર અને ટ્રસ્ટી મંડળ હદયથી આભાર માને છે.

## શ્રધ્ધાંજલિ



જિમ્મી





શ્રી બળવંતભાઈ નિમાવત ને તેમના એક પરમ મિત્ર તરફથી વ્હાઈટ ડોગ (કોમેરીયન) નું કપલ ભેટ તરીકે આપી ગયા. ખુબ જ પ્રેમથી પરિવારના બધા જ સભ્યો તેને સાચવતા સમયાંતરે તેનાં બચ્ચા (ગલુડા) થતા તેઓ પણ કોઈ મિત્રોને આપતા રહેતા ચાલુવર્ષ ઉનાળો બેસતા જિમ્મીની તબીયત બગડતા દવાખાને જરૂરી સારવાર પણ લીધી પરંતુ તેનું આયુષ્ય પુરૂ થતા **ફાગણ સુદ - ૧૪ ગુરૂવાર તા. ૧૩-૦૩-૨૦૨૫** ઉતાસણીના રોજ તેનું પ્રાણપંખીડુ ઉડી ગયુ તેના અવસાનથી સારોએ પરીવાર ખૂબ જ દુઃખી થયો પરમકુપાળુ શ્રી ભુરખીયાદાદા તેના આત્માને ચીર શાંતિ આપે તેવી પ્રાર્થના ૐ શાંન્તી શાન્તી શાન્તી....

**:: શ્રધ્ધાજંલિ પાઠવતા ::**

**શ્રી બળવંતભાઈ મનસુખલાલ નિમાવત**
**અને તેઓનો પુરો પરિવાર**

## ફાલ્ગુન સેન્ટ્રિફ્યુઝ પ્રા.લી., વાસ્તુ પૂજન અને સાતધામ અને દ્વાદશ, જ્યોર્તિલીંગ યાત્રા

### શુભેચ્છા-અભિનંદન

અમારા કુળદેવતા શ્રી નૃસિંહ ભગવાનની તથા કુળદેવી શ્રીકમળાદેવી માતાજીની
અસીમ કૃપાથી અમારૂં નવું સોપાન

# ફાલ્ગુન સેન્ટ્રિફ્યુઝ પ્રા.લી.







નું વાસ્તુપૂજન સંપન્ન થયું. તથા શ્રી જગદીશભાઈ અને ચેતનાબેનની સાત ધામ
તેમજ બાર જ્યોતિર્લીંગ યાત્રા પણ પૂર્ણ કરેલ છે.



વાસ્તુપૂજન કરતા પરિવારજનો

| | |
|---|---|
| શ્રી દલપતરામ કે. દેવમુરારી | શ્રીમતી કાન્તાબેન ડી. દેવમુરારી |
| શ્રી જગદીશભાઈ ડી. દેવમુરારી | શ્રીમતી ચેતનાબેન જે. દેવમુરારી |
| શ્રી ફાલ્ગુન જે દેવમુરારી | શ્રીમતી કલાબેન એફ. દેવમુરારી |
| શ્રી સચીન જે. દેવમુરારી | શ્રીમતી રૂચિકા એસ. દેવમુરારી |

પ્રિયમ એફ. દેવમુરારી

રૂા.૩,૦૦૦/-પ.નં. ૭૩૨૧ થી જમા મળેલ છે.

॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

# યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ

ચલાલા દ્વારા સંચાલિત

## હરીબા મહિલા કોલેજ



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્ય

**આર્ટ્સ, કોમર્સ, બી.સી.એ.**

દીકરીઓ માટે હોસ્ટેલની ઉત્તમ સુવિધા

## ગાયત્રી સંસ્કાર વિદ્યાલય



ગુજરાત બોર્ડ માન્ય

એલ.કે.જી. તથા ધો.૧ થી ૮

દીકરા-દીકરીઓ માટે

તેમજ ધો.૯ થી ૧૨ દીકરીઓ માટે

(આર્ટ્સ-કોમર્સ)



પ.પૂ.સંતશ્રી ડૉ.રતિદાસ

સંસ્થાના શિલ્પી

સેવા અને તબીબી ક્ષેત્રે એવોર્ડ વિજેતા

### શ્રી ગાયત્રી સંસ્કાર ધામ

ધારી રોડ, મીઠાપુર (ડું), ચલાલા

મો.૯૪૨૭૭ ૪૩૮૧૭

મો.૯૪૨૯૮ ૩૮૦૧૭



શ્રી મહેશભાઈ આર. મહેતા

ડાયરેક્ટરશ્રી

(ભારત ભૂષણ)

રૂા.૩,૦૦૦/- પ.નં.૭૫૩૧ થી મળેલ છે.

શ્રી રાજુલા તાલુકા રામાનંદી સાધુ સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજીત

# તૃતિય સમુહ લગ્નોત્સવ










ગત તારીખ ૦૨/૦૩/૨૦૨૫ને રવિવાર વિક્રમ સંવત ૨૦૮૧ને ફાગણ સુદ ત્રીજના શ્રી રાજુલા તાલુકા રામાનંદી સાધુ સમાજ ટ્રસ્ટ આયોજીત તૃતિય સમુહ લગ્નોત્સવ દિવ્ય અને ભવ્યતાથી સંપન્ન થયેલ. ઉપરોક્ત કાર્યક્રમ રાજુલા તાલુકાના રામપરા - ૨ મુકામે વૃંદાવનબાગ જે મહાન વિભુતીશ્રી રામદાસ બાપુની તપસ્થળી તેમજ ધાતરવાડી નદીના સાગર સંગમે વર્તમાન મંહતશ્રી રાજેન્દ્રદાસ બાપુ (રાષ્ટ્રીય મહામંત્રી અ.ભા. અખાડા પરિષદ અ.ભા.શ્રી પંચ નિમોહીં અની અખાડા ભારત)ની ઉપસ્થીતી તેમજ જ્ઞાતિ હિંત ચિંતક અને રાજ્યમંડળના પૂર્વ ચેરમેનશ્રી પૂ.અમરદાસ બાપુની આગેવાની હેઠળ યોજવામાં આવેલ. જેમાં વિશ્વ વંદનીય શ્રી પૂ.મોરારી બાપુ તથા ભાગવતાચાર્યશ્રી શરદભાઈ વ્યાસ મુળ કુંભણ હાલ ધરમપુર(વલસાડ) સહીત બળોહી સંખ્યામાં સંતો મંહતો તથા મહામંડલેશ્વરોએ હાજરી આપેલ. સર્વ પ્રથમ કાર્યક્રમની શરૂઆત સંતો મંહતો તેમજ દાતાશ્રીઓ તથા આંમત્રીત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્યથી શરૂઆત કરવામાં આવેલ.

પૂ.મોરારીબાપુના ઉદબોધનમાં પ્રસનત્તા સાથે જ્ઞાતિ ઉત્કર્ષ કાર્યક્રમોની સરાહના કરવામાં આવી તેમજ પૂ. અમરદાસ બાપુ દ્વારા થતા સમાજ ઉપયોગી કાર્યોના દરેક પાસાઓની હર્ષની લાગણી સાથે નોંધ લેવામાં આવી.

નોંધ : ગત માસના અંકમાં સમુહ લગ્નનો અહેવાલ છપાયેલ ફોટા કલર પેઈજમાં લેવાના હતા પરંતુ કલર પેઈજ ૪ ના ગુણાંકમાં થઈ શકે તે માટે અગાઉનું મેટર ૮ પેઈજનું હતું તેથી ફોટા કલરમાં છપાયેલ નહિ તો ક્ષમાયાચના સાથે આ પેઈજમાં ફોટા છપાયેલ છે.

લી.વ્યવસ્થાપક




સોસાયટી એક્ટ રજી નં. ગુજ/૨૪૨ ટ્રસ્ટ રજી. નં. એફ, ૧૯૧ ભાવનગર
પરમ પૂજ્ય શ્રી દયારામબાપા પ્રેરીત
શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું

# રામભક્ત

માસિક મુખપત્ર





**માલિક**

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય – સાવરકુંડલા
જિ.અમરેલી (ગુજરાત) ૩૬૪૫૧૫

**તંત્રી/પ્રકાશક**

શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ
ટ્રસ્ટીશ્રી,ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

**પ્રમુખશ્રી**

અરૂણભાઈ ડી.દેવમુરારી – સાવરકુંડલા
મો.૯૪૨૭૪૯૧૦૦૬

**મહામંત્રી**

મનીષભાઈ આઈ.પિપાવત – કારિયાણી
મો.૯૮૨૪૪૮૩૭૧૨

**પ્રકાશન સ્થળ**

રામભક્ત કાર્યાલય
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા – ૩૬૪૫૧૫

**મુદ્રક**

**હરિઃૐ ઓફસેટ** પાળિયાદ રોડ,બોટાદ ફોન : ૯૯૨૪૨ ૧૯૧૯૭

અધિક્ષકશ્રી : શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ)-સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૭૦૩૭૩
સહતંત્રીશ્રી : શ્રી ભરતભાઇ જે. નિમાવત - વિસાવદર
મો.૯૯૭૮૨ ૩૧૩૫૧
સંપાદકશ્રી : શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ
મો.૯૪૨૬૨ ૨૮૦૯૮
સહસંપાદકશ્રી : શ્રી પ્રતાપભાઈ એલ.દેવમુરારી - બાબરા
મો.૯૪૦૯૩ ૩૨૧૬૫
વ્યવસ્થાપકશ્રી : શ્રી હિતેન્દ્રભાઈ એ.નિમ્બાર્ક - સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૯૯૭૧૮

**: પ્રચાર મંત્રીશ્રીઓ :**

મનહરભાઈ એન.દેવમુરારી - શિહોર મો.૯૯૨૫૯૩૭૫૧૫
રશ્મીનભાઈ સી.અગ્રાવત - સુરત મો.૯૦૯૯૮૪૬૨૦૮
સમીરભાઈ આઈ.લશ્કરી - ભાવનગર મો.૯૮૭૭૩૭૩૮૩૯

**: પેટા કાર્યાલય :**

- **શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ - બોટાદ**
  વિશ્વપ્રેસ, એમ.ડી. સ્કૂલ સામે, અશોક વાટિકા સોસાયટી, પાળિયાદ રોડ, બોટાદ. મો.૯૯૭૪૦૫૩૬૫૩
- **શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ - પાલીતાણા**
  ૧૦, ગુ.હા.બોર્ડ કોલોની, ચિત્રકુટ, હવામહેલ રોડ, મું.પો.પાલીતાણા, જિ.ભાવનગર મો.૯૪૨૬૨૨૮૦૯૮
- **શ્રી અશોકભાઇ જે. રામાનુજ - સુરત**
  મુ.કામરેજ (સુરત) શ્રૃષ્ટી રેસીડેન્સી, બ્લોક નં.૧૬, મારૂતીનગરની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, સુરત. મો.૯૪૦૮૫૨૮૭૪૭
- **શ્રી રઘુવીરભાઇ એમ. રામાનુજ - જોરાવરનગર**
  લાઇબ્રેરી પાસે, મું. જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨ મો.૯૬૬૨૫૪૫૦૫૬
- **શ્રી ઘનશ્યામભાઈ આર.નિમાવત - મોરબી**
  ઋષભનગર ૩ પ્લોટ નં.૬૫,ચબુતરા પાસે,મોરબી મો.૯૯૨૫૫ ૬૫૮૫૬

**પત્ર વ્યવહારનું સરનામું :-** રામભક્ત કાર્યાલય, શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય,
ઉતાવળા હનુમાનજીની જગ્યા પાસે, મહાકાળી ચોક, હાથસણી રોડ,
9409851251 મું.પો.સાવરકુંડલા. જી.અમરેલી - ૩૬૪૫૧૫. મો.નં. : ૬૩૫૩૮૯૦૧૯૬, ૦૨૮૪૫-૨૯૯૩૦૦

E-mail : rambhakt.svkd@gmail.com


**લવાજમ દરો...**

ભારતમાં વાર્ષિક રૂા.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂા.૨૫૦૦/- છુટક કિંમત રૂા.૩૦/-
કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક
કુરીયર ચાર્જ : અન્ય રાજ્યમાં : ૩૦૦/- વાર્ષિક

**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**

80G No. : AAFTS4033AF20224

## બેન્ક એકાઉન્ટમાં નાણા જમા કરાવવા બાબત

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય અને **રામભક્ત** મુખપત્ર માટે લવાજમ ભેટ, તિથીદાન કે કોઇપણ પ્રકારની ભેટ મોકલવા માટે બેન્કનો ઓનલાઇન ઉપયોગ કરી કોઇપણ પ્રકારના ચાર્જ વગર આપના નાણા સીધ્ધા બેન્કમાં જમા કરાવવા માટે **એક્સીસ બેન્ક** અથવા **એસ.બી.આઇ. બેન્ક**ની કોઇપણ શાખામાં **શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**ના નામે નીચેના ખાતા

| | | |
|---|---|---|
| ૧. એક્સીસ બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૯૧૮૦૧૦૦૪૦૮૬૬૩૩૫ | IFSC : UTIB0002649 |
| ૨. એસ.બી.આઇ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૬૦૧૫૯૩૫૦૮૫ | IFSC : SBIN0060013 |



હે મા સરસ્વતી ! વિદ્યા કો પાને આયે શરણમે, હૃદય કમલમે તેરા હી ધ્યાન

# તંત્રીની કલમે.....



## આત્મીય જ્ઞાતિબંધુ એવં વાચક વર્ગ.....
## નમસ્કાર સહ સૌને જય સિયારામ સાથ

આપના હાથમાં મે માસનો અંક આવશે ત્યારે વૈશાખી વાયરા સાથે **અક્ષય તૃતિયા, શ્રી પરશુરામ જયંતિ,** વિનાયક ચતુર્થી, **આદિ શંકરાચાર્ય જયંતિ, શ્રી રામાનુજાચાર્યજીની જયંતિ** તથા આપણા સીતામાતાજીની જન્મ જયંતિ એટલે **"સીતા નવમી"** જેવા તહેવારો આવી ગયા હશેતેમજ રામકથા, ભાગવત કથા વિ.સત્સંગનો માહોલ એટલે ચૈત્ર-વૈશાખના મહિનાઓ,અરે ઘણા સુખી સંપન્નમહાનુભાવો હરિદ્વાર જેવા તિર્થ ક્ષેત્રોમાં સગા-સંબંધીઓને આમંત્રિતકરી કથાઓ કરાવી પૂણ્યકમાતા હોય છે,જે સારી બાબત છે પણ શર્ત એટલી કે, કોઈ પણ ધર્મ કાર્યમાં કર્તાપણું ન આવવું જોઈએ નહીતર પૂણ્યને બદલે કંઈક બીજું આવી જાય માટે ભગવાન ભરોસો રાખી ભગવાનનું કાર્ય ભગવાન કરશે તેવો ભાવ રાખવો અંતરથી રાખવો જોઈએ. જુઓ આપણે રામનવમી અને હનુમાન જયંતિ ઉજવી તો હનુમાનજી મહારાજે રામને હ્રદયમાં રાખી દરેક રામના કાર્ય કર્યા તો સફળ થયા. અને આનેજ **"રામભક્ત"** કહેવાય તો આ ઉપરથી સમજી લેવું જોઈએ અહંમ્ રૂપી મહારોગ નાથવા ભગવાનનું શરણું લેવું જરૂરી છે.

એકવીસમી સદસની સંસ્કૃતિ પર નજર અંદાજ કરીએ તો સમજાશે કે, તમામ વયના લોકો વચ્ચે સ્પર્ધાની ભાવના તિવ્ર થઈ રહી છે. પછી તે ગમે તે ક્ષેત્ર હોય ! જુઓ એક શેઠને ત્યાં એક નોકર કામ કરે દુકાને કોઈ પણ વ્યક્તિ આવે એટલે શેઠ બડાઈ ફૂકે કે **"મારો નોકર સાવ બુધ્ધુ છે** હું ન હોઉ તો આખો ધંધો પડી ભાંગે.'' લોકો પુરાવો માગે એટલે શેઠ એક નુસખો અજમાવે. શેઠ એક હાથમાં એક રૂપિયો રાખે અને બીજા હાથમાં બે પાવલી રાખે પછી નોકરને રાડપાડી બોલાવે અને કહે કે, આ બેમાંથી તારે જે જોઈએ તે લઈલે. નોકર હંમેશા બે પાવલી લઈલે શેઠ કહે જુઓ કેવો ડોબો છે ! બે સિક્કા જોઈને ઉપાડી લે છે તેને એટલી પણ ખબર નથી કે, આ એક સિક્કાની કિંમત પેલા બે સિક્કા કરતાં વધારેછે. ગ્રાહકો માની લે કે શેઠનો નોકર ખરેખર બુધ્ધુ છે.

એક વખત એક ગ્રાહકેનોકર પાસે જઈને તેને સમજાવ્યું કે, તુ રોજ મુરખ બને છે. આ સાંભળી ખડખડાટ હસતાં નોકરે કહ્યું કે, હું મુરખ નથી પણ જે દિવસે હું રૂપિયો ઉપાડીશ તે દિવસથી આ ખેલ બંધ થઈ જશે અને મને બે પાવલી મળતી બંધ થઈ જશે શેઠને થશે કે, નોકર તો બુધ્ધિશાળી થઈ ગયો છે. હવે આ ખેલ મારે ન કરાય. શેઠ ભલેને નાટક કરે મને તો રોજ બે પાવલી મળી જાય છે ને ! હવે તમો કહો જોઈએ કે, આ બેમાંથી કોણ ચાલાક ! આ બોધ કયાંથી સમજવું કે, **ચાલાકી વાપરવા જાવ ત્યારે સામેથી પણ ચાલાકી જ મળે છે.** પોતાને ચાલાક સમજીને અંતે માણસ મુરખ જ બનતો હોય છે. **બધાયને બસ સોગઠાં ગોઠવવા છે** માણસ સંવેદનશીલ જીવ છે. તે પશું નથી. કદાચ **જેટલી ચાલાકી ઓછી એટલી સહજતા વધારે.** કોઈ કહે તુતો જબરો પોલિટિશિયન છે યાર ! એવું કહે ત્યારે માણસ ફૂલાઈને ફાળકો થઈ જાય છે. **ચાલાકીથી મળતી જીત અંતે તો એક પ્રકારની છેતરપીંડી જ છે. માણસ-માણસ સાથે રમત રમે ત્યારે અંતે માણસાઈ જ હારતી હોય છે ચાલાકી અંતે નીચા જોણું જ કરાવે છે** માટે કાવાદાવા, પ્રપંચ અને ખટપટ ટાળો નહીં તો કોઈ દિવસ સારા કામ માટે નવરાશ જ નહીં મળે !

સૈફ પાલનપુરી કહે
**મને દોસ્તીની હકીકત ન પૂછો**
**હવે હું દુશ્મનો પર ભરોસો કહું છું.**

તંત્રી...



ઘી, દૂધ અને માખણ કરતાં પણ વધારે ચરબી પૈસાથી ચઢે છે !

# શ્રી ભરતભાઈ મનોહરદાસ વૈષ્ણવ (અંજાર)ની "જીવન ઝરમર"



"માનવ સેવા એ જ પ્રભુ સેવા" આ વાક્યને સાર્થક કરતા ભરતભાઈ વૈષ્ણવનો જન્મ તા.૦૩/૦૯/૧૯૫૭માં મનોહરદાસ વૈષ્ણવના પરિવારમાં ત્રીજા દીકરા તરીકે થયો હતો.પરિવારની આવક જાનરાયજી મંદિરમાંથી થતી હતી. એમણે શિક્ષણ ઉપર ભાર આપ્યો હતો. પ્રાથમિકશિક્ષણ સરકારી નિશાળોમાંથી મેળવ્યું હતું. ત્યારબાદ બી.એ., એલ.એલ.બી.નો અભ્યાસ એમણે એમના મોટાભાઈની મદદથી અને રામાનંદી સમાજ રાજસ્થાન પાલી જિલ્લામાંથી સકોલરશીપ મેળવી પૂરી કરી હતી.પોતે સ્કોલરશીપમાંથી અભ્યાસ કર્યો હતો એટલે શિક્ષણની કિંમત બહુ સારી રીતે જ એમને સમજાઈ ગઈ હતી. એટલે જ એમણે "માનવ સેવા એ જ પ્રભુ સેવા"નો સંકલ્પ લીધો હતો. એમણે એમના નોકરીની કારકિર્દીમાં શરૂઆતમાં ઘણાં બધાં વિભાગોમાં પસંદગી પામેલ હતી પરંતુ કચ્છમાં જ રહીને કામ કરવું એ એમની ઈચ્છા હતી. એટલે ખેતીવાડી વિભાગમાં ગ્રામસેવક તરીકેની એમની નિમણૂક થઈ કચ્છમાં નલિયા તાલુકામાં વાયોર ગામેએ એમને ગ્રામસેવક તરીકે મુકવામાં આવ્યા હતા. ખાસ તો એ સમયે તીડનો ઉપદ્રવ વધારે હતો એટલે એમને ત્યાં બહુ મહેનત કરવી પડી હતી. પછી જ્યારે એક પ્રસંગમાં બાવળા અમદાવાદ નિવાસી સવિતાબેન મનોરદાસ આચાર્યના ત્રીજા દીકરી આશાબેન આચાર્યનો સંપર્ક થયો. બંનેના વિચારો એક થયા અને લગ્ન ગ્રંથીથી તા.૨૨/૦૨/૧૯૮૮માં બંધાઈ ગયા. લગ્નના સમયે એમનું મિત્ર વર્તુળનો સાથ સહકાર બહુ રહ્યો હતો એમના ઘરે સંતાનનો જન્મ તા.૦૧/૧૨/૧૯૮૮ના થયો હતો તેનું નામ મિલાપ રાખવામાં આવ્યું તેના જન્મદિને ૧ ડિસેમ્બરના બટુક ભોજન કરાવતા હતા અને ત્યારબાદ તેને ભણાવી ગણાવી વેલસેટ કર્યા અને તેમના ત્યાં લગ્ન કર્યા અને તેને ત્યાં પૌત્રીનો જન્મ થયો. બાદ એના જન્મ તારીખે આંગણવાડીના બાળકોને જમાડતા હતા. આશાબેન આચાર્ય એ પણ સરકારી નોકરીમાં હતા મહિલા અને બાળ વિકાસ વિભાગમાં અને એમની નિમણૂક અમદાવાદથી ભુજ કચ્છમાં થઈ હતી. લગ્ન બાદ એ કચ્છમાં અંજાર મુકામે સ્થાયી થયા હતા. બંને જણા એકબીજાની હંમેશા સાથે રહેતા.



જ્યારે ભરતભાઈ વૈષ્ણવની બદલી **IRDP** શાખામાં થઈ ત્યારે એમણે એમના ક્ષેત્રમાં ઘણાં બધા વ્યક્તિઓને સ્વ સહાય જૂથોની રચના અને સ્વરોજગાર લક્ષી સબસીડી લોન પણ આપી હતી. કચ્છના **10** તાલુકાઓમાં અંજાર તાલુકો અગ્રેસર કામ રહેતો હતો, જેમાં સૌથી વધારે સ્વરોજગાર એકમોની સ્થાપના અને સહાય જૂથોની રચના લોન પ્રપ્તિમાં ભરતભાઈનો અગ્રેસર ભાગ રહ્યો હતો. એ સમયના સૌથી વિવાસ્પદ ગામો જેમ કે ખંભરા, રતનાલ, ખેડોઈ અને ધમડકા ગામના વહીવટદાર અને ત્યારબાદ ચૂંટણી અધિકારી તરીકેની ફરજ પણ નિભાવી હતી. સરકારના પ્રતિનિધિ તરીકે એપીએમસી અંજારમાં ડારેક્ટર પણ રહ્યા હતા. એમણે ૧૯૯૬માં "આભલા" નામનું ઘર બનાવ્યું હતું જેમાં આ એટલે આશાબેન ભ એટલે ભરતભાઈ અને લા એટલે મિલાપનો સમાવેશ કર્યો હતો.૧૯૯૭માં કંડલા વાવાઝોડુંમાં એમને વિશેષ કામગીરી આપવામાં આપવામાં આવી હતી. ૨૦૦૧માં ભુકંપમાં પણ એમણે સારી એવી કામગીરી કરી હતી.



૨૦૦૮માં જ્યારે નોકરીમાં હતા ત્યારે તેમને હાર્ટ એટેક આવ્યો હોય એવીઆશંકા ગઈ અને ખુદ હોસ્પિટલમાં દાખલ થયા પછી પરિવાર વાળાને જાણ કરી હતી. ત્યારબાદ તેમણે હાર્ટ બાયપાસ સર્જરી કરાવી હતી. અને એક વર્ષ બાદ સર્જરીની તારીખે એમણે આખા પરિવારને સાથે લઈ અને હોટલમાં જમવા ગયા હતા. અને એ સમયથી એમણે પાછું ઘી વાળું ખાવાનું ચાલુ કર્યું હતું. એ કહેતા હતા "ઓપરેશન તો મેં પાછું ઘી વાળુ ખાવા સારું કરીને કરાવ્યું હતું" આવો હસમુખો સ્વભાવ હતો એમનો. અને જીવન જીવી લેવામાં માનતા હતા. ૨૦૧૫માં એ સેવા નિવૃત થયા હતા. પછી એમણે સમાજના અલગ-અલગ પ્રમુખનો સંપર્ક કર્યો હતો અને એમણે બધાને એક થવા માટે હંમેશા કહેતા રહેતા હતા.

એમને અલગ-અલગ વાનગી ખાવા પીવાનો બહુ શોખ હતો, અને હંમેશા તે વહેતું પાણી જોવા માંગતા હતા એમાં એવું કહેતા કે

જીવન એવું જીવો તે પાણી જેવું તે ક્યાંય ઊભું નથી રહેતું. પોતે સારા નોબતકાર એટલે કે નોબત વગાડતા હતા સંગીત સાથે એમને અલગ સંબંધ હતો. ક્યાંય પરંપરાગત શીખવા નતા ગયા પણ જોઈ જોઈને એમને નોબત વગાડતા ખાસ કરીને મંગલા આરતીના સમયે બહુ સારી આવડતી હતી. પોતે જગજીતસિંઘ, એ.આર.રહેમાન, બિસ્મિલ્લાખાન, ગુલામ અલીના ગીતો બહુ સાંભળતા એમણે ખાસ કરીને સંગીત સાંભળવા એ પણ વધારે **BASE Effect** માં સાંભળતા હતા. તાલ ફિલ્મના ગીતો એમને હંમેશા જુમાવતા હતા. અને ગજની ફિલ્મનું ''કેસે મુજે તુમ મિલ ગઈ'' એમનું પસંદગીવાળું ગાયન હતું. એ આકાશવાણી રેડિયો સાંભળવાના બહુ શોખીન હતા. એમનો ખાસ પ્રોગ્રામ ગામનો ચોરો હતો અને એ એક પ્રોગ્રામ જેમાં રાજકોટ કેન્દ્રથી આવતું એનું એક મનપસંદ ગીત ''પલ પલ દિલ કે પાસ તુમ રહેતી હો'' હતું. સવારે છ વાગ્યાથી ઘરમાં આકાશવાણી કેન્દ્ર ધૂનો રહેતી અને બપોરે સુધી ચાલુ રહેતી. સાંજના સમયે એમણે રેડિયો પાછો ચાલુ કરતા. નવા યુગ મુજબ એમણે સંગીત મોબાઈલ ફોનના માધ્યમથી સાંભળવાનું ચાલું રાખ્યું હતું અને ઘરે પણ એમને અલગ મ્યુઝિક સિસ્ટમ વસાવી હતી.



સેવા નિવૃત હતા ત્યારે એમણે અલગ-અલગ સમાજની પાંખોનો સંપર્ક કર્યો હતો જેમાં કન્યા છાત્રાલય સાવરકુંડલા, અમરેલી કુમાર છાત્રાલય, ભાવનગર વૈદેહી કન્યા છાત્રાલય, ભાવનગર કુમાર છાત્રાલય, વઢવાણ કન્યા છાત્રાલય, અમદાવાદ કુમાર છાત્રાલય, કચ્છ કમળા ધામ નારાયણ સરોવર સંપર્ક કર્યો હતો. દ્વારકા સમાજ ભવનમાં એક રૂમ બંધાવી આપ્યો હતો.

એમના ઘરે જ્યાંના પૌત્રીનો જન્મ થયો હતો. તા. ૧૫/૦૩/૨૦૨૧ કોરોના બાદ એમના ઘરે પૌત્રીનો જન્મ થયો હતો અને ગાયત્રી વિધિના માધ્યમથી એ પૌત્રીના દરેક સંસ્કારો કરવામાં આવ્યા હતા. જેમાં છ માસિક અન્નપ્રાશન સંસ્કાર આ સમયે એમણે અલગ-અલગ પાંખોના પ્રમુખશ્રીઓને બોલાવ્યા હતા અને કુલ ૧૫ લાખ રૂપિયાનું દાન આપ્યુ હતું. સાથે રોટરી ક્લબ અંજારના માધ્યમથી ફિઝીયોથેરિ સેન્ટરને પણ ૧૫,૦૦૦/-નું દાન આપ્યું હતું. અંજારમાં ભારત વિકાસ પરિષદ એક સક્રિય કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા હતા. અને જ્યાં પણ સમૂહ લગ્ન રહેતા ત્યાં તે અચૂક ફાળો લખાવતા એમનું બીજો કોઈ વ્યવસાયિક ના હતો અને જે હતું એ એમના બંનેની પેન્શનની રકમમાંથી વ્યાજની કમાણીમાંથી એમણે આ બધું અલગ-અલગ સૂત્રોમાં દાન આપેલું હતું. એમનો એવો એક નિર્ણય હતો કે પોતે જે એમનું બીજું ઘર બની રહ્યું છે જેનું નામ એમને ''ઝલક'' એટલે કે પૌત્રવધુ ઝ જ્યાંનો લ એટલે મિલાપનો અને ક એટલે કવિતાનો. એ સમય પાછું એમણે દાન આપવાનું વિચાર્યું હતું અને સાથે સાથે ઘરનું વાસ્તુનું આયોજન કરવું હતું. આ એમનું જીવનનું ઝરમર હતું જેમાં એમને હંમેશાં વહેતા પાણી જેવું રહેવાનું સૂચવતા હતા.

આવા મિલનસાર સ્વભાવવાળા શ્રી ભરતભાઈ આપણા સૌની વચ્ચેથી ફાગણવદ-અમાસ શનિવારતા. ૨૯/૦૫/૨૦૨૫ના રોજ પાણી જેવું પ્રવાહી જીવન જીવી ૬૮ વર્ષની ઉંમરે પંચમહાભુત શરીરનો ત્યાગ કરી પ્રભુને પ્યારા થયા છે. તેમની પાછળ તેઓની ઉત્તરક્રિયા પ્રસંગે પરિવાર તરફથી શ્રી આશાબેન અને મિલાપભાઈ બંન્નએ સાથે સંકલન કરી આપણી દરેક શૈક્ષણિક સંસ્થાને યાદ કરી તેમની પાછળ તેઓની કાયમી સ્મૃતિમાં નીચે મુજબ સંસ્થાને દાન કરવામાં આવ્યું. દરેક સંસ્થાવતી આશાબેન અને મિલાપભાઈ અને શ્રીમતિ કવિતાબેનનો ''આભાર''

**શ્રી ભરતભાઈ મનોહરદાસ વૈષ્ણવના નિર્વાણતિથી નિમીતે ગુજરાતની અલગ-અલગ રામાનંદી તથા અન્ય સંસ્થામાં આપેલ દાનની યાદી.**

(૧) સૌરાષ્ટ્ર ગુજરાત વૈષ્ણવ બ્રહ્મણ છાત્રાલય, ભાવનગર કુમાર છાત્રાલય, મીષ્ટતિથી ભોજન નિમિતે **રૂા.૧૩,૩૩૨/-** (૨) શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ - શિહોર, સાવરકુંડલા કન્યા છાત્રાલય, મિષ્ટભોજનતિથી ભોજન નિમિતે **રૂા.૧૫,૧૧૧/-** (૩) અમરેલી સાધુ સમાજ, અમરેલી કુમાર છાત્રાલય, મિષ્ટતિથી ભોજન નિમિતે **રૂા.૧૧,૦૦૦/-** (૪) શ્રી રામાનંદી સાધુ સમાજ સેવા મંડળ, ગાંધીધામ એજ્યુકેશન કિટ માટે **રૂા.૨૫,૦૦૦/-** (૫) શ્રી મહાગુજરાત ચતુઃસંપ્રદાય, શ્રી વૈષ્ણવાચાર્ય સમાજ મધ્યસ્થ સંઘ, અમદાવાદ કુમાર છાત્રાલય મિષ્ટતિથિ ભોજન નિમિતે **રૂા.૧૧,૦૦૦/-** (૬) શ્રી વૈદેહી રામાનંદ ચેરિટેબલ ટ્રસ્ટ ભાવનગર, કન્યા છાત્રાલય બે દિકરીઓની એક વર્ષની હોસ્ટેલ ફિ **રૂા.૪૨,૦૦૦/-** તથા મિષ્ટતિથી ભોજન નિમિતે **રૂા.૫,૦૦૦/-** (૭) ભારત વિકાસ પરિષદ, અંજાર તિથી નિમિતે તથા વૃક્ષારોપણ માટે **રૂા.૧૧,૦૦૦/-** (૮) અમદાવાદ મહિલા મંડળને **રૂા.૧૧,૦૦૦/-** નોટબુક વિતરણ માટે આપવામાં આવ્યા.

આમ, ભરતભાઈના પુણ્યાર્થે પરિવાર તરફથી **રૂા.૧,૪૫,૦૦૦/-** (એક લાખ પીસતાલીસ હજારનું દાન કરવામાં આવેલ.)




# સ્વામીશ્રી રામાનંદાચાર્યજી શિક્ષણ સંસ્થાન્

માતૃછાયા, લાયબ્રેરી સામે, મેઈન રોડ, જોરાવરનગર, સુરેન્દ્રનગર-૩૬૩૦૨૦

E-mail : Raghuvir.ramanuj@gmail.com

ટ્રસ્ટ રજ. નં. E/1641/S'nagar. PAN : AAYTS9502M


આત્મીય સ્વજનો

જય સીયારામ સાથ જણાવતા આનંદ થાય છે કે ઉપરોકત સંસ્થાના ટ્રસ્ટી અને કન્વીનર શ્રી રઘુવીરભાઈ રામાનુજ સુરેન્દ્રનગર અને સાથી ટ્રસ્ટીઓ દ્વારા ઘણા બધા પ્રયત્નો પછી શિક્ષણપ્રેમી દાતાઓના દાનથી ચાલુ વર્ષથી સંસ્થાની રકમ ની મર્યાદામાં રહીને જરૂરીયાતમંદ પાંચ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાર્થે રીફંડેબલ લોન દરેકને **રૂા- ૫૦ હજાર** આપવામાં આવેલ છે. તેની વિગત ગતમાસના અંકમાં વિગત થી આપેલ છે. સાથે જે દાતાઓ તરફથી દાન મળેલ છે તેની વિગત પણ આપેલ છે. સંસ્થાનો મુખ્ય હેતુએ છે કે શિક્ષણપ્રેમી દાતાઓ વધુમાં વધુ જોડાઈ અને આપણુ સંગઠન મજબુત બને અને તેના દ્વારા આપણા જ સમાજના જરૂરીયાતમંદ વિદ્યર્થીઓને આપણે શિક્ષણ માટે ઉપયોગી થઈએ હાલની એડહોક સમિતિમાં આપણા રાજયમંડળના પદાધિકારીઓ જ ટ્રસ્ટી તરીકે જોડાયા છે. **તેમાં ડૉ. સુભાષભાઈ અગ્રાવત અમદાવાદ ડૉ. અશ્વીનભાઈ રામાનુજ પાલીતાણા શ્રી રઘુવીરભાઈ રામાનુજ સુરેન્દ્રનગર અને શ્રી રાજુભાઈ વૈષ્ણવ અમદાવાદ અને શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ) સાવરકુંડલા** તો આવો આપણે બધા સાથે મળી દરેક ની પહોચ પ્રમાણે આપણા લાગતા વળગતાને પ્રેરણા આપી આ કાર્યમાં જોડો અને એક એવી સાંકળ બનાવીએ કે સભ્ય સંખ્યામાં વધારો થાય અને ભવિષ્યમાં આપણે આ માટે વધુ કાર્ય કરી શકીએ એકલા હાથે તાળી ન પડે **" સૌનો સાથ સમાજનો ઉધ્ધાર "** એ સુત્રને સાર્થક કરીએ આવતા અંકમાં નવા જોડાયેલા સભ્યોની નામાવલી અને તેમણે આપેલી રકમ પ્રસિધ્ધ કરીશુ જેથી બીજાને પ્રેરણા મળે અને તેમા સૌ શિક્ષણ માટે દાન કરીએ આપનો જ, ઘનશ્યામબાપુ (રાઘવ) ના જય શ્રી રામ.

## શિક્ષણ શું છે ? તેનો મારો સ્વઅનુભવ

- સીતારામ. રામાનંદી સાધુ સમાજની ભવિષ્યની પેઢી માટે શિક્ષણને લગતા તમામ પ્રકલ્પો અને પ્રકલ્પોના સંચાલકો પ્રસંશા અને વંદનને પાત્ર છે. યુ.પી.એસ.સી / જી.પી.એસ.સીની તૈયારી માટે કલાસીસ અને નિવાસ પુરુ પાડવાનું કામ અનેક જ્ઞાતિઓ કરે છે અને પરિણામો પણ સારા આવ્યા છે. એ દિશામાં રામસેતુ ટ્રસ્ટની પહેલ અને પુરુષાર્થ પ્રસંશાને પાત્ર છે. મારો એક મેં અનુભવેલું ઉદાહરણ રજુ કરું છું. મને અમદાવાદ એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજમાં એડમિશન મળ્યું ત્યારે હું પ્રથમ વાર અમદાવાદ ગયો. પ્રથમ ફી ૩૩૦/- નહોતી. અમદાવાદ સગા ત્રણેક હતા પરંતુ ખુબ દુર રહેતા હતા. આવા સમયે સહાય મેળવવા માટે પહેલી નજર જ્ઞાતિ પર જાય. વ્યક્તિગત દાતા જ્ઞાતિમાં પણ હોય પરંતુ માગતા સંકોચ થાય. હવે તો મેડિકલ / એન્જિનિયરિંગમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ભારતની ઉત્તમ કોલેજમાં પણ એડમિશન મળે છે. શિક્ષણ એટલું મોઘું છે કે સામાન્ય સ્થિતિના પરિવારો ભણી ના શકે. દાતા / ટ્રસ્ટ / સંસ્થા ૧૦૦% લોન ના આપી શકે. પરંતુ ૧૦% સહાયક બનીએ તો પણ સમાજ પ્રત્યે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરનારનો અતુટ પ્રેમ આજીવન વરસતો રહેશે. સામાજિક આગેવાનોને આ વિષયમાં પહેલ કરવા પ્રાર્થના છે. વર્તમાન દરેક સંસ્થાઓ પોતાના નામે કે સંયુક્ત ફંડ માથી આ કામ કરી શકે. સમાજનો તેજસ્વી વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ ધનના અભાવે પ્રાપ્ત ના કરી શકે તે સમાજ માટે યોગ્ય નથી. લોન યોજનામાં જમા ઉધાર પાસા હોય તો પણ અનુભવના આધારે સુધારી શકાય. પહેલ થઈ છે પરંતુ વિરાટ સ્વરૂપ આપવા સામુહિક સઘન પ્રયત્નો માટે સૌને હૃદય પુર્વક પ્રાર્થના છે.

**લિ. રાજુભાઈ વૈષ્ણવ**

## અંતઃકરણ પૂર્વકનું આહ્વાન

- આપણા સમાજના ડોક્ટરો, ઈજનેરો, સી.એ., વૈજ્ઞાનિકો, પ્રાધ્યાપકો, શિક્ષકો, કલાસ-૧/૨ ના અધિકારીઓ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ, તજજ્ઞો, કથાકારો, સંતો-મહંતો સહુને અંતઃકરણપૂર્વક આહ્વાન.

**"મારા સમાજના ઓછામાં ઓછા એક તેજસ્વી વિદ્યાર્થીને મારા જેવો સંપન્ન શ્રેષ્ઠી બનાવવા સ્વામીશ્રી રામાનન્દાચાર્યજી શિક્ષણ સંસ્થાનમાં હું તન-મન-ધનથી યથાસંભવ સહયોગ કરીશ."**

આવો સંકલ્પ અચૂક કરે એવી વિનમ્રતા પૂર્વક પ્રાર્થના. જય સીતારામ.

● સ્વામી શ્રીરામાનન્દાચાર્યજી શિક્ષણ સંસ્થાના બહુ જ સુંદર તેમજ પારદર્શિતાથી ચાલી રહેલ છે. જે આદરણીય સમાજ શ્રેષ્ઠીઓ સંચાલન કરી રહ્યા છે, તેઓના બાળકો આ યોજનાનો લાભ લેવાના નથી. તેઓ સક્ષમ છે. શ્રીમાન રાજુભાઈ એ ટીવી રિચાર્જનું ઉદાહરણ આપી સુંદર વાત કરી હતી. જે અનુકરણીય છે. આપણે ગુજરાતીઓ બચતમાં માહીર હોઈએ છીએ. એક ગલ્લો સમાજના નામે રાખીએ. એ ગલ્લામાં રોજનાં દોઢ રૂપિયા નાખીએ. અને જે તેજસ્વી અસહાય બાળકો આર્થિક સ્થિતિને કારણે શિક્ષણથી વંચિત રહી જાય છે. તેમના સુધી આ સંસ્થા પહોંચી શકે.

**સમાજ હિતચિંતક - રાધેશ્યામના પ્રેમપ્રણામ**

● આજે **GTPL** ટીવી ચેનલવાળો ભાઈ રૂા.૪૦૦/- લઈ ગયો. એ ખર્ચમાં ઘરના દરેક સભ્ય સંમત છે. જ્યારે અસહાય તેજસ્વી વિદ્યાર્થીઓનાં ઉચ્ચ શિક્ષણ માટે સ્વામી શ્રીરામાનન્દાચાર્યજી શિક્ષણ સંસ્થાના પણ દર મહિને ગણીએ તો લગભગ એટલું જ દાન (વાર્ષિક રૂા.૫૦૦૦/- પાંચ વર્ષ સુધી) માગે છે. પરિવારમાં વિચાર મૂકો અને દાનનો પ્રારંભ કરો તેવી પ્રાર્થના

**વીના શિક્ષણ નહીં ઉદ્ધાર**

## મારો મત

● સ્વામી શ્રી રમામનન્દાચાર્યજી શિક્ષણ સંસ્થાને જે તેજસ્વી વિદ્યાર્થીઓ માટે પહેલ કરી છે. તે દૂરગામી બહુ જ પરિણામ આપશે. કારણ કે જે વિદ્યાર્થી આ યોજનાનો લાભ લઈ આગળ આવશે તે સમાજ ઋણ ક્યારેય નહીં ભૂલે અને આર્થિક સધ્ધર થતાં માત્ર લોન જ પરત કરશે એટલું જ નહીં. પણ યથા સંભવ આ યોજનાને આગળ ધપાવવા મદદ પણ કરશે.

હાલ જે કઠિનાઈ લાગી રહી છે, તે પ્રારંભિક જ છે. પછી આ યોજના વિશાળ વટવૃક્ષ બની અનેક વિદ્યાર્થીઓ લાભાન્વિત થશે. પછી કોઈ આર્થિક સ્થિતિને કારણે શિક્ષણથી વંચિત નહીં રહી જાય. એવો મને દૃઢ વિશ્વાસ છે.

**- રાધેશ્યામના સીતારામ**

● મોટા ભાગના પરિવારો જન્મદિને હોટેલમાં ભોજનપાર્ટી રાખીએ છીએ. દશ/પંદર વ્યક્તિયો તો સહજ હોય છે. પ્રતિવ્યક્તી રૂ.૪૦૦/૫૦૦નું બીલ ચૂકવતા હોય છે. સ્વામી શ્રીરામાનન્દાચાર્યજી શિક્ષણ સંસ્થાના આપણા જ સમાજના તેજસ્વી પણ અસહાય એવા વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સંપન્ન પરિવારો પાસે પાંચ વર્ષ સુધી રૂ.૫૦૦૦/- માગે છે. આપણા પરિવારમાં જે સભ્યો છે એમાં એક ઉમેરી જન્મદિનની ઉજવણી ખર્ચ ગણી શિક્ષણ માટે દાન આપવા પ્રાર્થના

**શિક્ષણ થકી જ સમાજ ઉત્કર્ષ**

● ગંભીરતાથી વિચારવા વિનંતી આપણે પહેલી કે બીજી પેઢી નોકરીયાત હોય કદાચ ઓછી મુંઝવણ હોય. હજી ૯૦ % મુંઝવણવાળા હશે. આપણે સહાયક થઈએ એ ફક્ત ફૂલની પાંખડી હશે. જરૂરિયાતવાળા પૈકી ૦,૦૦૦૧ % ને સહાયક થઈ શકીશું

**વિદ્યાદાન મહાદાન**

● પુર્ણપૂરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણજીના ઉપદેશાનુસાર દાન-તપ અને યગ્ય અનિવાર્ય કર્મ છે. ભગવાને આપણને સંપન્નતા અને ઉત્તમ સાધુકુળ બન્ને આપ્યાં છે. તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં સહાયક થવા સ્વયં દાન આપી સંપન્ન સગાસંબધીઓ પાસે દાન અપાવવાનો સ્વધર્મ નિભાવવા કરબદ્ધ પ્રાર્થના. ટ્રસ્ટ સંગઠિત પ્રયાસ-પારદર્શિતા-ભરોસો આપતું તંત્ર હોઈ સફળતા ઝડપથી મળે છે.

## સ્વામી શ્રીરામાનન્દાચાર્યજી શિક્ષણ સંસ્થાન

આર્થિક સ્થિતિને કારણે ઉચ્ચ અભ્યાસ ન કરી શકે તેવાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા પાંચ વર્ષ સુધી રૂ.૫૦૦૦/- ની દાનની યોજના ચાલુ જ છે. પણ બધા એક સાથે આટલી રકમ ન દઈ શકે એ સ્વાભાવિક છે.તો આ શિક્ષણ સંસ્થાના નિધિ એકત્ર માટે એક સરળ ઉપાય રજુ કરે છે. સ્વજનોની પુણ્યતિથિ, લગ્ન, વેવિશાળ, જન્મદિન, વિવાહ વર્ષગાંઠ, તથા પરિવારના અનેક નાનામોટા પ્રસંગોમાં આ બેંક ખાતા દ્વારા યથાશક્તિ સીધા જમા કરાવી શકશો.

**બેંકની વિગત - સ્વામી શ્રીરામાનન્દાચાર્યજી શિક્ષણ સંસ્થાના, બેંક ઓફ બરોડા,**
**ખાતા નંબર - ૨૫૧૪૦૧૦૦૦૧૭૯૦૬ ● IFCS BARBOSURJIN{o is zero}**

આશા રાખું છું કે આ ઉપાય આપ સૌને અનુકુળ રહેશે. આપનો જ રઘુવીર રામાનુજ
ના જય સીતારામ.... મો. ૯૬૬૨૫૪૫૦૫૬

॥ શ્રી ગણેશાય નમઃ ॥



## શ્રી હનુમાનદાદા કળિયુગના હાજરા હજુર દેવ છે.

દેવી દુર્ગા અને શિવની જેમ પોતાના ભક્તોને સંકટ પડતાં જ તેની સહારે તરતદોડી આવે છે. ભક્ત સંપૂર્ણ શ્રધ્ધાથી અને હૃદયના શુધ્ધ ભાવથી જો તેમની સેવા-ભક્તિ-ઉપાસના-આરાધના-સાધના કરે તો તેના ઉપર દાદાની કૃપા ઉતરે છે અને તેને તમામ પ્રકારની રિધ્ધી-સિધ્ધી આપે છે.

વિદ્વાનોના મત અનુસાર હૃદયની ભાવના જ મુખ્ય વસ્તુ છે. ભગવાન ભાવનાના ભુખ્યા છે. **હનુમાનજી શ્રી રામચંદ્રજીની** આરાધનાથી અતિ પ્રસન્ન થાય છે. હનુમાનજીની ઉપાસના, પૂજા, જપ, પાઠ, ઉપવાસ, ચોલા, સુંદરકાંડ, બજરંગબાણ તથા હનુમાન ચાલીસા વગેરે પાઠનું વિધાન છે.

મારૂતિનંદનની કૃપા માટે મંગળવારે અથવા શનિવારે ઉપવાસ રાખવામાં આવે છે. આ ઉપવાસમાં મીઠું, માંસ, મદિરા વગેરે વર્જિત છે તથા એક વખત ભોજન કરવાનું વિધાન છે ગોળ તથા ચણાનું સેવન વિશેષ રૂપથી ફળદાયી છે. **'ૐ હનુમંતે નમઃ'** શ્રી મારૂતિ નંદનનો સિધ્ધ મંત્ર છે તથા એનાથી શીઘ્ર કાર્યની સિધ્ધી થાય છે.

### હનુમાન સાધના અને નિયમો

(૧) હનુમાન સાધના કરો તે દિવસે પ્રત્યેક કાર્યમાં શુધ્ધતા હોવી આવશ્યક છે. જે કોઈ પણ પ્રસાદ, નૈવેદ્ય અર્પણ કરો એ શુધ્ધ ઘીનો બનેલો હોવો જોઈએ. (૨) હનુમાનજીની મૂર્તિને તલના તેલમાં મેળવેલ સિન્દુરનો લેપ કરવો. (૩) પુષ્પોમાં માત્ર લાલ, પીળા અને કમળ, સૂર્યમૂખીના ફૂલો જ અર્પણ કરવા (૪) નૈવેદ્યમાં પ્રાતઃ (સવારે) પૂજનમાં ગોળ, નારીયળ તથા લાડું, મધ્યાનહે (બપોરે) ગોળ, ઘી અને ઘઉંની રોટીનો ભૂકો અથવા મીઠી રોટલી તથા રાત્રિમાં કેરી, જામફળ અથવા કેળાનું નૈવેદ્ય ધરવું. (૫) **હનુમાન સાધનામાં ઘીમાં પલાળેલ એક અથવા પાંચ દીવેટનો દીપક પ્રગટાવવો જોઈએ. આ વાત મહત્વપૂર્ણ છે.** (૬) હનુમાન સાધનાના દિવસે સાધકે **ખાસ.. ખાસ.. ખાસ.. બ્રહ્મચર્ય વ્રતનું પૂર્ણપણે પાલન અવશ્ય કરવું** અને જે નૈવેદ્યશ્રી હનુમાનજીને અર્પિત હોય એજ ગ્રહણ કરવું જોઈએ. (૭) હનુમાન સાધનામાં મંત્ર જાપ ઉંચા (મોટા અવાજે) સ્વરે કરવામાં આવે છે અને શ્રી હનુમાનજીની મૂર્તિ સમક્ષ તેમના નેત્રો તરફ જોતાં મંત્ર જાપ સંપન્ન કરવા. (૮) હનુમાન સાધનામાં બે પ્રકારની માળાઓનો ઉપયોગ કરવામાં આવે છે. **સાત્વિક કાર્યો માટે રૂદ્રાક્ષની માળા તથા તામસી પરાક્રમી કાર્યો માટે મૂંગાની માળાનો ઉપયોગ કરવો.** (૯) શ્રી હનુમાનજી સેવા પૂજાથી પણ પ્રસન્ન થનાર દેવ છે, તેના ઘણા ઉદાહરણ છે માટે સાધકે પૂજામાં પૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ રાખી લોકકલ્યાણ અર્થે સાધના કરવી.

**સાધુ સંત કે તુમ રખવારે, અસુર નિકંદનરામ દુલારે.**

હે શ્રી રામના વ્હાલા હનુમાનજી ! તમે સાધુ, સંતોની રક્ષા કરનાર દેવ તમને વંદન...

**સંકલન : મહંતશ્રી શામળદાસબાપુ, સુરત મો.૯૪૨૬૯ ૪૧૦૭૦**

જેમનું કોઈ નથી તેવા જીંદગીના અંતીમ પડાવમાં પહોંચેલા

# અમરેલીના ૪૦ સીનીયર સીટીઝનને હરીદ્વારમાં ગંગાસ્નાન કરાવવા મહેનત કરતા શ્રી અગ્રાવત

**શ્રવણ પ્રસાદ કેન્દ્ર દ્વારા વડીલોની આંતરડી ઠારતા શ્રી અગ્રાવત દ્વારા તૈયારીઓ : સેવાકીય કાર્યમાં સહભાગી થવા સૌને અનુરોધ**

અમરેલી, સેવાકીય કાર્યો સાથે પુણ્યભુમી બની રહેલ અમરેલીમાં સૌને પ્રેરણા મળે તેવું સુંદર કાર્ય થવા જઈ રહ્યું છે જેમનું કોઈ નથી તેવા ૪૦ સીનીયર સીટીઝનો ને હરીદ્વારની પાવન ભુમી ઉપર લઈ જઈ અને ગંગાસ્નાન કરાવવાનું બીડું અમરેલીના શ્રવણ પ્રસાદ કેન્દ્ર ચલાવતા શ્રી ભીખુભાઈ અગ્રાવતે ઉઠાવ્યું છે અને તેમા તેમને ઈશ્વરના દુત બનીને આવતા લોકોનો પણ સહયોગ મળી રહ્યો છે. અમરેલીમાં ઉમરલાયક અને જેમનું કોઈ ન હોય તેવા તથા આર્થીક રીતે પણ નબળા હોય તેવા વડીલોને શ્રવણની જેમ તેમના ઘેર જઈ રોજે રોજ વરસાદ ટાઠ, તડકો વેઠીને પણ બે ટાઈમ જમવાનું મોકલવાનું ભગીરથ કાર્યનું સુકાન સંભાળતા નિવૃત કેળવણીકાર શ્રી ભીખુભાઈ અગ્રાવતે અવધ ટાઈમ્સને જણાવ્યું હતું કે, શ્રવણ પ્રસાદ કેન્દ્ર અમરેલી દ્વારા વૃધ્ધ, અશક્ત, જરૂરીયાતમંદ, હાથે રસોઈ કરી શકતા ન હોય તેવા વૃધ્ધ વડીલોને ટીફીન દ્વારા ભોજન પહોંચાડવાનું સેવાકાર્ય લગભગ છ વર્ષથી કરે છે. મે જ્યારે સંસ્થાની સ્થાપના કરી ત્યારે ૧૫ ટીફીન મોકલતા હતા અને આજે ૧૦૦ ઉપરાંત વડીલોને ઘરે બેઠા ટીફીન સેવા લાભ મળી રહ્યો છે. હાલ સંસ્થાને પોતાનું ભવન તથા નિવૃત વ્યક્તિઓ નિઃસ્વાર્થ ભાવે સેવા કરે છે. અમારે જ્યારે જ્યારે કોઈ પણ વસ્તુની જરૂરીયાત ઉભી થઈ છે ત્યારે ઈશ્વરે કોઈને કોઈ દાતા સ્વરૂપે આવી પૂર્તી કરી છે. પોતાની વાત આગળ ચલાવતા શ્રી ભીખુભાઈએ જણાવેલ કે, આવી જ ઘટના હમણાં બની હતી. ટીફીન ડીલીવરી કરનારની તબીયત બગડતા હું રીક્ષામાં ટીફીન ભરી દેવા ગયો ત્યારે વૃધ્ધ વડીલે મને જોઈને 'અરે મારો બાપલીયો તમે આવ્યા' તેમ કહી આ માજીએ પરાણે ઉભા રાખી ઘરમાંથી માટલાનું ઠંડુ પાણી પાયુ અને કહ્યુ બેટા બે વર્ષ પહેલા તું અમને નર્મદાજી નાહવા લઈ ગયો હતો હવે મરતા પહેલા ગંગાજીમાં સ્નાન કરવાની ઈચ્છા છે. આથી મે દ્રઢ સંકલ્પ કર્યો કે ઈશ્વર તું નહીં વ્યવસ્થા કરે તો મારે આવતુ પેંશન ભેગુ કરીને પણ વડીલોની ઈચ્છા પુર્ણ કરીશ અને આવા વડીલોનું લીસ્ટ કરતા તેની સંખ્યા ૪૦ જેટલી થઈ અને આ વાત અમારા મિત્ર જગદીશભાઈ જોષીને વાત કરતા આ જ સમયે બેંગ્લોરથી તેમના મોટાબેનનો ફોન આવ્યો અને વાત કરી તો રૂ.૧૦,૦૦૦ નો ચેક મોકલાવ્યો. શ્રી અગ્રાવતે જણાવેલ કે આ વિચાર અને કાર્યને ઈશ્વરે સાથ આપ્યો છે અમદાવાદથી અમરેલીના વતની દેવાંગભાઈ ગોહીલે સામેથી ફોન કરી તમામ વડીલો માટે ટીકીટના દાતા બનવાની તૈયારી દર્શાવી આમ ૪૦ વડીલોને ગંગાસ્નાન તથા દેવદર્શન કરાવવાની યોજના સાકાર થઈ. તા. ૨૬/૦૭/૨૦૨૫ થી તા.૦૪/૦૮/૨૦૨૫ સુધી નો કાર્યક્રમ બનાવવામાં આવ્યો છે. હજુ આ માવતરો માટે હરીદ્વારમાં રહેવા-જમવાની અને દર્શને જવાની સહિતની જરૂરીયાતો છે જ આમા પણ જેમને સેવાકીય કાર્યમાં સાથ આપવો હોય તેવા લોકો મદદ કરી શકે છે

**મો.૮૭૮૦૬ ૦૨૮૨૫**

વર્તમાનપત્રમાંથી સાભાર

**સંકલન : અરૂણભાઈ ડી. દેવમુરારી**


મહંતશ્રી કાંતિદાસબાપુ કાનદાસજી

## :: શ્રધ્ધાંજલી ::

આપણા રાજ્ય મંડળના ટ્રસ્ટીશ્રી રમણીકબાપુ દેવમુરારી (સુરત)ના જયેષ્ઠ બંધુ અને સાવરકુંડલા ઉતાવળા હનુમાનજી મંદિરના પૂર્વ મહંતશ્રી કાંતિદાસબાપુ કાનદાસજી દેવમુરારી હાલ હાલરીયાનું ટૂંકી બીમારીમાં સવંત ૨૦૮૧ના ચૈત્ર વદી-૧ તા.૧૩/૦૪/૨૦૨૫ રવિવારના રોજ સાકેતવાસી થયાના સમાચાર સાંભળી ખૂબ જ દુઃખ થયું કાંતિબાપુ સાવરકુંડલા ઉતાવળા હનુમાનજી મંદિર આશ્રમમાં ઘણું રહ્યા તેઓનો મિલનસાર સ્વભાવ સાથે સરળ જીવન હતુ અને સંતોષી હતા તેમના અવસાન થી પરિવારે મોભી ગુમાવ્યાની ખોટ પડી છે. આ દુઃખ સહન કરવાની પરમાત્મા શક્તિ આપે અને તેઓના પૂણ્યશ્લોકી આત્માને પ્રભુ ચિર શાંતિ આપે એવી ભાવભીની શ્રધ્ધાંજલી પાઠવતા.

:: લિ. ::

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજ્ય મંડળ), ટ્રસ્ટીઓ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, સાવરકુંડલા
શ્રી "રામભક્ત" મુખપત્ર સંપાદક મંડળ, સાવરકુડલા


શ્રી પ્રદીપભાઈ મનહરલાલ દેવમુરારી

## :: શ્રધ્ધાંજલી ::

આપણા રાજ્યમંડળના સહમંત્રી શ્રી હિતેષભાઈ કુબાવતના સાઢુભાઈ વંડા નિવાસી હાલ સુરત સ્થિત શ્રી પ્રદીપભાઈ મનહરલાલ દેવમુરારી ફાર્માકરેનું તા.૨૭/૦૪/૨૦૨૫ ના રોજ દુઃખદ અવસાન થયાના સમાચાર મળ્યા તે જાણીને રાજ્યમંડળ ટ્રસ્ટીઓ દુઃખની લાગણી અનુભવે છે. નાની ઉંમરે અવસાન થતા ઘરના મેમ્બરો ઊપર જાણે કે વ્રજઘાત પડ્યો આવા દુઃખના સમયે પરમાત્મા સહન કરવાની સૌ પરિવારને શક્તિ આપે અને સ્વર્ગસ્થ આત્માને પ્રભુ તેમના ચરણોમાં સ્થાન આપે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના સાથે ભાવભીની શ્રધ્ધાજંલી પાઠવતા.

:: લિ. ::

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજ્ય મંડળ), ટ્રસ્ટીઓ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, સાવરકુંડલા
શ્રી "રામભક્ત" મુખપત્ર સંપાદક મંડળ, સાવરકુડલા



## શિવ મહાપુરાણ કથા પ્રસંગે ભેટ

બોટાદ જીલ્લાના ચકમપર ગામે રામજી મંદિરના પૂજારી મહંતશ્રી અશ્વીનદાસ ત્રિભોવનદાસ લશ્કરીએ સમસ્ત ગામના સહકારથી ફાગણ વદ-૬ તા.૨૦-૦૩-૨૦૨૫ થી ફાગણ વદ-૧૪ તા.૨૮-૦૩-૨૦૨૫ સુધી શિવ મહાપુરાણ કથા શ્રી ભરતભાઈ શિવશંકરભાઈ દવેના વ્યાસને સરસ રીતે પૂર્ણ કરી ગામના લોકોને લાભ અપાવ્યો જગતની શાંન્તિ અને સર્વના કલ્યાણના હેતુ માટે સૌનાં હેત વિચારો નિર્માણ પામે તેવો સાદુવાદ આપતા શ્રી અશ્વીનભાઈ લશ્કરીના પુત્ર અજયભાઈ તરફથી આ ખુશી પ્રસંગે શ્રી બજંરગદાસ બાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલયને યાદ કરી રૂા.૧૧૦૦/- મોકલાવ્યા છે જે પ.નં૭૫૨૬ થી જમા લઈ સંસ્થા તેઓનો હૃદયથી આભાર માને

## સાતધામ યાત્રા સહ ધ્વાદશ જ્યોતિર્લીંગ યાત્રા નિમિતે
## ચૈત્રી નવરાત્રીમાં છાત્રાબાળાઓને દક્ષિણા સાથે ફીસ્ટ ભોજન

અમદાવાદ નિવાસી શ્રી જગદીશભાઈ ડી. દેવમુરારી અને શ્રીમતિ ચેતનાબેન જે. દેવબુરારી સાતધામ યાત્રા સહ ધ્વાદશ જ્યોરર્તિલીંગ યાત્રા પૂર્ણ કરીને આવતા શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલયની બાળાઓને યાદ કરી ચૈત્રી નવરાત્રી સપ્તમીના તા.૦૪/૦૪/૨૦૨૫ ના રોજ સાંજના ભોજનમાં બાળાઓને મનગમતું ભોજન પાણી-પુરી છાસ, પાપડ શ્રીમતિ ચેતનાબેન તરફથી જમાડવામાં આવ્યુ સાથે દરેક બાળાઓને અને સ્ટાફને રૂા.૨૦ મુજબ દક્ષિણા આપવામાં આવી તેના ફાલ્ગુન ભાઈ તરફથી રૂા.૩૦૦૦/- પ.નં.૩૫૮૬ થી મળેલ છે. છાત્રબાળાઓ ટ્રસ્ટી ગણ દેવમુરારી પરિવારનાં આભાર માને છે.



ક્ષમા એટલે કચડી નાખ્યા પછી પણ ફુલોની પાંદડીઓએ આવેલી સુગંધ



શ્રી બીપીનભાઈ નિમાવત

## રામાનંદી સમાજનું ગૌરવ

રામાનંદી સમાજ ના યુવા પેઢીને માર્ગદર્શક એવા **બીપીનભાઈ નિમાવત.** ગોંડલ સમાજ ના પ્રમુખ શ્રી છે જેને ભારતીય જનતા પાર્ટીએ ગોંડલ શહેરના મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવેલ છે તે બદલ બીપીનભાઈ નિમાવત ને શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજ્ય મંડળ) સાવરકુંડલા દ્વારા ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવતા હર્ષ ની લાગણી અનુભવી છીએ.ધન્યવાદ આપ રાજકીય અને સામાજીક ક્ષેત્રે ખૂબજ પ્રગતિ કરો તેવી બજરંગદાસ બાપાને પ્રાર્થના. બાપા સીતારામ

:: શુભેચ્છક ::

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજ્ય મંડળ), ટ્રસ્ટીઓ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, સાવરકુંડલા
શ્રી ''રામભક્ત'' મુખપત્ર સંપાદક મંડળ, સાવરકુડલા

## ભાવનગર યુનિવર્સિટીના કુલપતિ પદે રાજકોટના ભરતભાઈ રામાનુજની નિમણુંક



ડો.ભરતભાઈ રામાનુજ

રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શિક્ષણ શાસ્ત્ર ભવનના અધ્યક્ષ ડો.ભરતભાઈ રામાનુજની રાજ્ય સરકાર દ્વારા ભાવનગર યુનિવર્સિટીના કુલપતિપદે નિમણુંક કરવામાં આવી છે. છેલ્લા છ વર્ષથી ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓમાં કુલપતિ પદની રેસમાં છેલ્લી ઘડીએ નામ અટકી જતુ હતુ ત્યારે વર્ષોથી આર.એસ.એસ અને ભાજપ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા ભરતભાઈ રામાનુજની કુલપતિ પદે ૫ વર્ષ માટે પસંદગી કરવામાં આવી છે.

શ્રી ભરતભાઈ રામાનુજ સાહેબ કુલપતિશ્રી ભાવનગર યુની. આપશ્રી આ ગૌરવ પ્રદ હોદ્દા ઉપર નિમણુંક પામ્યા તે સહુ માટે આનંદના સમાચાર. આપ સર્વ પ્રકારે જવાબદારી સુપેરે નિભાવી શિક્ષણ જગતમાં નામ રોશન કરી આપણા રામાનંદી સમાજને ગૌરવ આપી પ્રેરણા દાઈ બની સફળ રહી, માર્ગદર્શક બની રહો તેવી શુભ કામનાઓ સાથે સીતારામ.

:: શુભેચ્છક ::

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજ્ય મંડળ), ટ્રસ્ટીઓ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, સાવરકુંડલા
શ્રી ''રામભક્ત'' મુખપત્ર સંપાદક મંડળ, સાવરકુડલા

## દસ પ્રકારની પ્રેરણા ?:: સમજી લઈએ ::

(૧) આપણું સફળતાનું સાચુ મુલ્ય તમારી મહેનત અને સમયના સદ્ઉપયોગથી નક્કિ થાય.
(૨) મહાન કાર્ય કરવાની એકમાત્ર રીત એ છે કે તમે જે કાર્ય કરો છો તેને પ્રેમથી કરો.
(૩) મારૂ કાર્ય લોકો માટે ઉદાર થવુ નથી પરંતુ તેને શ્રેષ્ઠ બનવા પ્રેરિત કરવાનું છે.
(૪) ક્યારેક ક્યારેક આપણને જીવનમાં તમારા માથા પર ઇંટથી પ્રહાર થાય એવું લાગે છે અહેસાસ થાય છે. પણ વિશ્વાસ ન ગુમાવવો.
(૫) તમારો સમય સીમીત છે માટે તેને કોઈ અન્ય જીવન જીવવામાં બરબાદ ન કરીએ.
(૬) સૌથી મોટો ધર્મ છે પોતાના સ્વભાવ પ્રત્યે સાચા હોવું સ્વયં પર વિશ્વાસ કરો (સ્વામી વિવેકાનંદ)
(૭) ભાગ્યશાળી હોય તેજ સત્યં સાચા જ્ઞાતિ ગણ નિખાલસ ભજનાનંદ ધર્મ પરાયણ ભક્તિમય પ્રભુનું રટાણાનંદ એ જ જ્ઞાતિ ભાગ્યશાળી પ્રયાગ રાજ કુંભમા ત્રિવેણી સંગમે રોજ વહેલી સવારે અમારા ગુજરાતના જ્ઞાતિ બંન્ધુ રામાનંદીએ ત્રિવેણી સંગમમા ડુબકી લગાવી હશે જ.
(૮) કોઈ પણ લક્ષ્ય માનવીના એ લક્ષ્યના સાહસ કરતાં મોટુ નથી પરાજીત એ છે જે લક્ષ્ય સામે લડતું નથી
(૯) જે જમીન પર રહે, તે મહાન છે, અને જે સૌની આગળ ઝુકે, તે ભગવાન છે.
(૧૦) જે સમયે કોઈ સમસ્યા જન્મ લે છે ત્યારે તેની સાથે જ સમાધાન પણ જન્મ લે છે.

સંકલન : ગોકુલદાસ જીવરામદાસજી અગ્રાવત - નારી



## :: અયોધ્યાપતી શ્રી રામલ્લાને ::



:: શ્રી રામાયણજીની આરતિ ::

આરતિ શ્રી રામાયણજી કી । કિરતી કલિત લલિત સીય પીકી ॥
ગાવત બ્રહ્માદિક મુની નારદ । બાલમીક બિગ્યાન બિસારદ ॥
સુક સનકાદિ સેષ અરૂ સારદ । બરની પવનસૂત કિરતી નીકી ॥ ૧
ગાવત વેદ પુરાણ અષ્ટદસ । છઓ સાસ્ત્ર સબ ગ્રંથન કો રસ ॥
મુનિજન ધન સંતન કો સરબસ । સાર અંસ સંમત સબહી કી ॥ ૨
મુનિજન ધન સંતન કો સરબસ । સાર અંસ સંમત સબહી કી ॥ ૨
ગાવત સંતત શંભુ ભવાની । અરૂ ઘટ સંભવ મુનિ બિગ્યાની ॥
વ્યાસ આદી કબિ બર્જ બખાની । કાગ ભુસુંડી ગરૂડ કે હી ॥ ૩
કલિમલ હરનિ બિષય રસ ફીકી । સુભગ સિંગાર મુક્તિ જુબતીકી ॥
દલન રોગ ભવ મૂરિ અમીકી । તાત માત સબ બિધિ તુલસી કી ॥ ૪

બોલીએ શ્રી રામ લલ્લા અયોધ્યા પતિ કી જૈ, અયોધ્યાના રામ લલ્લાના સેવક હનુમાનગઢિ કી જૈ
એપ્રિલ ૦૬/૦૪/૨૦૨૫ રવિવાર રામ લલ્લા જન્મદિવસ, એપ્રિલ ૧૨/૦૪/૨૦૨૫ શનિવાર અયોધ્યાના રામભક્ત હનુમાન જન્મોત્સવ
હનુમાન ગઢી જયંતિની દાદાની જે જેકાર સર્વ શુભ તહેવારો સંપન્ન હો

રામ ભક્તને રૂા.૩૦૦/- પ.નં. ૭૫૨૭ થી મળેલ છે.

સંકલન : ગોકુલદાસ જીવરામદાસજી અગ્રાવત - નારી



દરેક વિનાશને તળિયે તમને અચૂક જોવા મળશે ''અહમ્''



# :: સંસ્થા સમાચાર ::

**છાત્રાબાળાઓને દાતાશ્રી તરફથી અપાયેલ મિષ્ટભોજન તિથી અંતર્ગત અપાયેલ ભોજનની યાદી**

**તા.૩૦/૦૩/૨૦૨૫ થી તા.૨૭/૦૫/૨૦૨૫ સુધી ● ચૈત્ર સુદ - ૧ થી ચૈત્ર સુદ અમાસ સુધી**

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૧ - તા.૩૦/૦૩/૨૦૨૫)**

હળવદ નિવાસી પ્રદ્યુમનભાઈ તેમજ ચંદ્રકાન્તભાઈ તરફથી સા.વા. ઈશ્વરદાસ ગોવિંદદાસ વૈષ્ણવની પુણ્યતિથીએ મિષ્ટભોજનમાં લાપસી, મગ, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાજંલી અર્પી સૌ છાત્રબાળાઓ, સ્ટાફ સહિત પ્રસાદ લીધો.

## રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૩ સોમવાર - તા.૩૧/૦૩/૨૦૨૫)**

ઘુમાસણ નિવાસી ડૉ. બળદેવદાસ બંસીદાસ સાધુ તરફથી સા.વા. કમળાબેન બંસીદાસજી સાધુની પુણ્યતિથીએ મિષ્ટભોજનમાં મોતીચુર, સાટા, સેવ-મમરી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો, પાપડ વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રબાળાઓ, સ્ટાફ સહિત પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૩ સોમવાર - તા.૩૧/૦૩/૨૦૨૫-સંયુક્ત)**

રાજકોટ નિવાસી ગં.સ્વ. પુષ્પાબેન શાંતીલાલ કુબાવત તેમજ રાજેશભાઈ કુબાવત તરફથી સા.વા. શાંતીલાલ ગંગારામ કુબાવતની પુણ્યતિથીએ મિષ્ટભોજનમાં બપોરે સંયુકત ઉજવતા ઉપર મુજબ મોતીચુર, સાટા, સેવ-મમરી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો, પાપડ વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રબાળાઓ, સ્ટાફ સહિત પ્રસાદ લીધો.

## રૂા.૧૫,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૪ મંગળવાર - તા.૦૧/૦૪/૨૦૨૫)**

હળવદ નિવાસી ચંદ્રકાન્તભાઈ ઈશ્વરદાસજી વૈષ્ણવ તેમજ પિયુષભાઈ વૈષ્ણવ તરફથી સા.વા. મુક્તાબેન ચંદ્રકાન્તભાઈ વૈષ્ણવની પુણ્યતીથીએ મિષ્ટભોજનમાં શુધ્ધ-ઘીમાં સેવબરેજ, ખમણ-ચટણી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રબાળાઓ, સ્ટાફ સહિત પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(તા.૦૨/૦૪/૨૦૨૫ બુધવાર)**

ઓરણા નિવાસી આરતીબેન મહંત - ઈતીબેન મહંત ઉષાબેન મહંત ત્રણે પુત્રી તરફથી સા.વા. નિરંજનભાઈ જીવણદાસ મહંતની પુણ્યતીથીએ મિષ્ટભોજનમાં શુધ્ધ-ઘીમાં ઓરમું , ઈડલી,ખમણ-ચટણી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રબાળાઓ, સ્ટાફ સહિત પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૬ ગુરૂવાર - તા.૦૩/૦૪/૨૦૨૫)**

કોડીનાર નિવાસી ગં.સ્વ.અનિતાબેન હરેશભાઈ વૈષ્ણવ તરફથી સા.વા.હરેશભાઈ રાઘેલાલ વૈષ્ણવની પુણ્યતીથીએ મિષ્ટભોજનમાં ગાજરનો હલવો, સેવગુંદી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાજંલી અર્પી સૌ છાત્રબાળાઓ, સ્ટાફ સહિત પ્રસાદ લીધો.



બરફની એક ખુબી માણસમાં પણ કોઈની ઉષ્મા મળે તો તરત પીગળી જાય છે.

## છાત્રાબાળાઓને ભોજન સાથે શીખંડ



**(ચૈત્ર સુદ-૭ શુક્રવાર - તા.૦૪/૦૪/૨૦૨૫)**

સાવરકુંડલા નિવાસી આપણા સંસ્થાના પાડોશી એવા સા.વા.દેવશીદાદા- લુણી પરીવાર તરફથી ડોસલભાઈ લુણી તેમજ રાજુભાઈ તેમજ અશોકભાઈ લુણી તરફથી દર ચૈત્ર માસમાં દેવશીદાદા- તરફથી પહેલો શિખંડ છાત્રબાળાઓને જમાડવામાં આવતા, તેની પરંપરા પરિવારે જાળવી રાખી તે દિવસે શિખંડ -પુરી-શાક વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સૌ છાત્રબાળાઓએ, સ્ટાફ સહિત પ્રસાદ લીધો.

## છાત્રાબાળાઓને ફીસ્ટ ભોજન



**(ચૈત્ર સુદ-૭ શુક્રવાર - તા.૦૪/૦૪/૨૦૨૫-સાંજે)**

અમદાવાદ નિવાસી શ્રીમતિ ચેતનાબેન જગદીશભાઈ દેવમુરારી તરફથી તેમજ ફાલ્ગુનભાઈ જે. દેવમુરારીના ફોન મુજબ સાંજે ભોજનમાં અનલીમિટેડ પાણી પુરી- મસાલા પુરી છાત્રબાળાઓને આપવામાં આવી તેમજ દરેક છાત્રબાળાઓને રૂા- ૨૦/- લેખે દક્ષિણા ભેટ આપી દાતાશ્રીને ટેલીફોનીક જાણ કરતા પોતાનો રાજીપો વ્યકત કરેલ.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૮ શનિવાર - તા.૦૫/૦૪/૨૦૨૫)**

ડીસા તેમજ રાજસ્થાન નિવાસી શ્રી ગીરધર મંડળ સર્વિસ તેમજ ઓમપ્રકાશજી ભેરૂદાસજી કુબાવત તરફથી સા.વા. ભેરૂદાસ લક્ષ્મણદાસજી કુબાવતની પુણ્યતિથીએ મિષ્ટભોજનમાં શુધ્ધ-ઘીમાં પ્રસાદ-ભજીયા- રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રબાળાઓ, સ્ટાફ સહિત પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૮ શનિવાર - તા.૦૫/૦૪/૨૦૨૫-સંયુક્ત)**

સુરત નિવાસી ભરતભાઈ મગનલાલ દેવમુરારી તરફથી સા.વા.મગનલાલ પોપટદાસજી દેવમુરારીની પુણ્યતિથીએ મિષ્ટભોજનમાં બપોરે સંયુકત ઉજવતા પ્રસાદ સાથે ભજીયા- ચટણી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રબાળાઓ, સ્ટાફ સહિત પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૯ રામનવમી, રવિવાર - તા.૦૬/૦૪/૨૦૨૫)**

મુંબઈ નિવાસી શ્રી વસંતભાઈ પી. નિમાવત (સી.એ), આપણા રાજયમંડળના ટ્રસ્ટીશ્રી તરફથી સા.વા.માણેકબેન પ્રભુદાસજી નિમાવતની પુણ્યતિથીએ બપોરે શીખંડ, રાજગરાની પુરી, સુકીભાજી, સંભારો, ફરાળી ભુંગળા વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રબાળાઓ, સ્ટાફ સહિત પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૯ રામનવમી રવિવાર - તા.૦૬/૦૪/૨૦૨૫)**

રાણાવાવ નિવાસી શ્રીમતી દયાબેન ધીરજલાલ કુબાવત તરફથી સા.વા.શાંતાબેન નારણદાસ દેવમુરારીની પુણ્યતીથીએ રામનવમી હોવાથી બપોરે સંયુકત તિથી ઉજવતા ઉપરોક્ત મુજબ મિષ્ટભોજનમાં ફરાળ બનાવી સૌ છાત્રબાળાઓ તેમજ સ્ટાફ સહિત સૌએ સ્વ.ને શ્રધ્ધાજંલી અર્પી પ્રસાદ લીધો.

## છાત્રાબાળાઓને રામનવમીએ ફરાળ



**(ચૈત્ર સુદ-૯ રામનવમી રવિવાર - તા.૦૬/૦૪/૨૦૨૫)**

સાવરકુંડલા નિવાસી માંડણભાઈ લુણી જે આપણા સંસ્થાના પાડોશી, જય વડવાળા ફરસાણ તરફથી રામનવમીના કેસર શિખંડ, ફરાળી પેટીસ , ફરાળી ચેવડો , શીંગપાક , ફરાળી પુરી વગેરે તેમની દુકાને મોકલી સાંજે છાત્રબાળાઓ તેમજ સ્ટાફ સહિત સૌએ પ્રસાદ લીધો આવી રીતે અવાર-નવાર તેમના તરફથી છાત્રબાળાઓને જમાડવામાં આવ્યા. પોતાનો રાજીપો વ્યકત કરેલ. ખુબખુબ આભાર.



અમુક ખભા એવા હોય જ્યાં માથુ મૂકીને જીવન હલકું થઈ જાય.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૧૦ સોમવાર - તા.૦૭/૦૪/૨૦૨૫)**

કોવાયા નિવાસી શ્રી મીઠાભાઈ શાર્દુળભાઈ લાખણોત્રા તરફથી સા.વા.સુમીરીબેન મીઠાભાઈ લાખણોત્રાની પુણ્યતિથીએ મિષ્ટભોજનમાં શુધ્ધ-ઘીમાં મોહનથાળ, મોતીચુર લાડવા, ખમણ- ચટણી, રોટલી-શાક, દાળ-ભાત, સંભારો વગેરે તૈયાર કરી ભગવાનને થાળ ધરી સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પી સૌ છાત્રબાળાઓ, સ્ટાફ સહિત પ્રસાદ લીધો.

## રૂા.૧૧,૧૧૧/- મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત



**(ચૈત્ર સુદ-૧૦ સોમવાર - તા.૦૭/૦૪/૨૦૨૫-સંયુકત)**

